શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી,વેરાવળ
એક્ઝીક્યુટીવ કાઉન્સિલની તા. ૨૫/૦૯/૨૦૨૦નાં રોજ ONLINE WEBEX MEET નાં માધ્યમથી
યોજાયેલ ૬૮મી બેઠકની કાર્યનોંધ

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળ દ્વારા એક્ઝીક્યુટીવ કાઉન્સીલની ૬૮મી બેઠકનું તા.૨૫/૦૯/૨૦૨૦નાં રોજ બપોરે ૦૪.૦૦ કલાકે ઓનલાઈન વેબેક્ષ મીટનાં માધ્યમથી આયોજિત કરવામાં આવેલ હતી. આ બેઠકમાં નીચે મુજબનાં એક્ઝીક્યુટીવ કાઉન્સીલની બેઠકમાં નીચે મુજબના મહાનુભાવો ઉપસ્થિત રહેલા હતા.

1. માન.કુલપતિશ્રી- અધ્યક્ષશ્રી
2. ડૅા.કૃષ્ણપ્રસાદ નિરોલાજી
3. ડૅા. લલીતકુમાર એ. પટેલ
4. શ્રી જીતેન્દ્ર બ્રહ્મભટ્ટ
5. ડૅા. પકંજ ત્રિવેદી
6. ડૅા. આશાબેન માઢક
7. ડૅા. અર્જુનકુમાર શામલ
8. ડૅા. દશરથ જાદવ-સભ્યસચિવ
9. શ્રી એ.જે.રાઠવા. (મુખ્ય હિસાબી અધિકારી) - આમંત્રિત સભ્ય

સૌપ્રથમ માન.કુલપતિશ્રી દ્વારા ઉપસ્થિત મહાનુભાવોનું સ્વાગત કરવામાં આવ્યું. ત્યારબાદ કુલસચિવશ્રી દ્વારા માન.કુલપતિશ્રીની સૂચના મુજબથી એજન્ડા મુજબની કાર્યવાહી કરવામાં આવી.ચર્ચા-વિચારણાને અંતે સર્વાનુમતે નીચે મુજબના નિર્ણયો લેવામાં આવ્યા.

૬૮.૦૧ ગત ઈ.સી. તા.૦૫/૦૯/૨૦૨૦ થી આજ દિન સુધી કરેલ કામગીરીનો અહેવાલ.

ઠરાવ :યુનિવર્સિટી દ્વારા તા.૦૫/૦૯/૨૦૨૦ થી તા.૨૪/૦૯/૨૦૨૦ દિન સુધી થયેલ કામગીરીનો વિસ્તૃત અહેવાલ કુલસચિવ દ્વારા રજૂ કરવામાં આવ્યો. સૌ મહાનુભાવોએ યુનિવર્સિટી દ્વારા કરેલ વિવિધ કામગીરીને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

૬૮.૦૨ તા.૨૪/૦૬/૨૦૨૦ ની બાંધકામ સમિતિની બેઠકની કાર્યનોંધને બહાલી આપવા અંગે.

ઠરાવ : યુનિવર્સિટી દ્વારા તા.૨૪/૦૬/૨૦૨૦નાં રોજ ૪.૦૦ કલાકે બાંધકામ સમિતિની બેઠકનું ઓનલાઈન વેબેક્ષ મીટના માધ્યમથી આયોજન કરવામાં આવેલ જેની કાર્યનોંધ કુલસચિવ દ્વારા વિસ્તૃત અહેવાલ સાથે રજૂ કરવામાં આવી ત્યારબાદચર્ચા-વિચારણાને અંતે બાંધકામ સમિતિ બેઠકની કાર્યનોંધને સર્વાનુમતે મંજૂરી આપવામાં આવી.તેમજ ગર્લ્સ હોસ્ટેલ અને યોગભવનમાં દિવાલો બનાવવા માટે બેલા મેશનરીની જગ્યાએ એ.એ.સી. બ્લોકનો ઉપયોગ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો તે ગ્રીન બિલ્ડીંગના કોન્સેપ્ટ સાથેનો હોઇ તેને

આકારવામાં આવ્યો. તેમજ યુનિવર્સિટીમાં બાંધકામનાં જે કામો હાલ ચાલી રહ્યા છે તેમાં સરકારશ્રીની વહીવટી મંજૂરી મળી હોય તેના ઉપર ખર્ચના થાય તેનું ધ્યાન રાખવાનું પણ મહાનુભાવોએ સૂચન કરેલ હતું.

૬૮.૦૩ યુનિવર્સિટીની કન્સ્ટીટયુટ કોલેજ ખાતે આસી.પ્રોફેસર તરીકે ફરજ બજાવતા ડૉ.રમેશચંદ્ર શુક્લ અંગે ગત ઈ.સી.ના ઠરાવ ક્રમાંક ૬૭.૧૮થી કરેલ કામગીરીને બહાલી આપવા અંગે.

ઠરાવ :યુનિવર્સિટીની કન્સ્ટીટયુટ કોલેજ ખાતે આસી.પ્રોફેસર તરીકે ફરજ બજાવતા ડૉ.રમેશચંદ્ર શુક્લને તા. ૧૮/૦૯/૨૦૨૦ના રોજ કારણદર્શક નોટિસ યુનિવર્સિટી દ્વારા આપવામાં આવેલ જેનો પ્રત્યુત્તર આપવાની સમયમર્યાદા ૧૫ દિવસની તેઓને આપવામાં આવેલ છે, જેથી રમેશચંદ્ર શુક્લજી તરફથી સદર નોટિસનો પ્રત્યુત્તર મળ્યેથી આગળની કાર્યવાહી માટે વકીલશ્રી પાસેથી માર્ગદર્શન મેળવી આગામી એક્ઝીક્યુટીવ કાઉન્સીલમાં સદર પ્રકરણ મૂકવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

૬૮.૦૪ યુનિવર્સિટી ઈજનેરશ્રીની ભરતી અંગે.

ઠરાવ :યુનિવર્સિટી દ્વારા ઈજનેરશ્રીની ભરતી અંગે સ્ક્રુટીની થયા બાદ કુલ ૧૧ ઉમેદવારોમાં ૫ માન્ય + ૬ શરતી માન્ય રહેલ છે જેને અંતર્ગત અગાઉ એક્ઝીક્યુટીવ કાઉન્સીલમાં લેવાયેલ નિર્ણય મુજબ નિયત કરેલ સંખ્યા પ્રમાણે જો ૧૦ કરતાં વધારે ઉમેદવારોની સદર જગ્યા માટે અરજી માન્ય રહેલ હોય તો લેખિત પરીક્ષાનું આયોજન કરવાનું થાય છે, જ્યારે હાલમાં ઈજનેરશ્રીની ભરતીની પ્રક્રિયા માટે ૧૧ઉમેદવાર માન્ય થયેલ હોય,તે અંગે ચર્ચા કરવામાં આવી જેમાં ચર્ચાને અંતે સર્વાનુમતે નિર્ણય કરવામાં આવ્યો કે,વર્તમાનમાં કોરોનાની પરિસ્થિતિને ધ્યાને લઈ લેખિત પરીક્ષા ન લેતા માત્ર મૌખિક ઈન્ટરવ્યુ ગોઠવી પસંદગીની પ્રક્રિયા પૂર્ણ કરવી તેમ જ આ ઈન્ટરવ્યુ પ્રક્રિયા પૂરતો જ લેખિત પરીક્ષા નહીં લેવાનો નિર્ણય સીમિત રાખવાનું ઠરાવવામાં આવ્યું.

૬૮.૦૫ યુનિવર્સિટીના પેન્ડીંગ પ્રશ્નો અંગે અગ્રસચિવ સાથે થયેલ ચર્ચાની જાણ કરવા અંગે.

ઠરાવ :યુનિવર્સિટીના પેન્ડીંગ પ્રશ્નો અંગે તા.૧૦/૦૯/૨૦૨૦નાં રોજ માન.કુલપતિશ્રી તથા કુલસચિવશ્રી ગાંધીનગર ખાતે અગ્રસચિવશ્રીની રૂબરૂ મુલાકાત લીધેલ તથા તે બાબતે થયેલ અગ્રસચિવશ્રી સાથેની ચર્ચાની વિસ્તૃત ચર્ચા-વિચારણા કરવામાં આવી જેને સર્વાનુમને મહાનુભાવો દ્વારા અનુમોદન આપવામાં આવ્યું.

૬૮.૦૬ મહાનુભાવોના સૂચનો.

- માન.સભ્યશ્રી જીતેન્દ્રભાઈ બ્રહ્મભટ્ટ તથા ડૉ. પંકજભાઈ ત્રિવેદી દ્વારા સૂચન કરવામાં આવ્યું કે, યુનિવર્સિટીની શૈક્ષણિક જગ્યાઓ જે મંજૂર થયેલ છે,તે જગ્યાઓને ભરવા માટે વિજ્ઞાપન આપવાની કાર્યવાહી સત્વરે હાથ ધરવી જોઈએ જેથી કરી મંજૂર થયેલ અને ખાલી રહેવા પામેલ સ્થાનો વહેલી તકે ભરી શકાય આ બાબતે સર્વે મહાનુભાવો દ્વારા ચર્ચા-વિચારણા કરી નિર્ણય કરવામાં આવ્યો કે

હાલ યુનિવર્સિટી દ્વારા વિજ્ઞાપન આપી અરજીઓ મંગાવવી અને ગ્રાન્ટ અને મંજૂરી સબબની બાબતે સકરકારમાંથી કાર્યવાહી કરાવવી તેમ ઠરાવવામાં આવ્યું.

૬૮.૦૭ અધ્યક્ષસ્થાનેથી રજૂ થાય તે.

- યુનિવર્સિટી દ્વારા પ્રકાશિત થતાં ત્રિમાસિક સામયિક – 'સોમજ્યોતિ'ને હાલ ગ્રાન્ટના અભાવે પ્રકાશન કરવા અંગે ચર્ચા કરતા હાર્ડકોપીમાં જ પ્રકાશિત કરવી અને સરકારમાં રીવાઈઝડ બજેટમાં ખૂટતી ગ્રાન્ટ માંગવી તેમ સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.
- અગાઉ એક્ઝીક્યુટીવ કાઉન્સીલમાં થયેલ ઠરાવ મુજબ એમ.એ.ઈન યોગનો અભ્યાસક્રમ વાર્ષિક ને બદલે સેમેસ્ટર પધ્ધતિથી ચલાવવાનું નક્કી થયેલ છે. તે મુજબ સદર અભ્યાસક્રમ અંગેની ફી યુનિવર્સિટી મુખ્ય મથકે સેમેસ્ટર વાઈઝ શિક્ષણ ફી રૂ.૧૫૦૦/- રાખવામાં આવેલ તથા એક્ઝામ ફી સેમેસ્ટર દીઠ ૭૦૦/- રાખવામાં આવી જેને સર્વે મહાનુભાવો દ્વારા અનુમોદન આપવામાં આવેલ.
- Institulional Repository (Inflibnet) અંતર્ગત યુનિવર્સિટીને કરવાની થતી કામગીરીથી સૌ મહાનુભાવોને અવગત કરાવવામાં આવેલ તથ સદર પ્રોજેક્ટ અંતર્ગત ઈન્સ્ટીટ્યુશન રીપોઝીટરી બનવાવાની થતી અને આગામી સમયમાં આ અંગે કરવાની થતી કાર્યવાહીને સત્વરે કરવા તથા આ અંગે થનાર ખર્ચને સર્વાનુમતે બહાલી આપવામાં આવી તથા તેનું નામ 'જયોતિ:' રાખવાનો નિર્ણય સર્વાનુમતે લેવામાં આવેલ છે.

બેઠકને અંતે કુલસચિવશ્રી દ્વારા સર્વે મહાનુભાવોનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો અને બેઠકને પૂર્ણ જાહેર કરવામાં આવી.

ડૉ.દશરથ જાદવ
(કુલસચિવ)